# પ્રાંતિજના તાજપુરમાં તસ્કરો ત્રાટક્યા

## બે મકાનમાંથી દસ હજારની ચોરી : પતિ-પત્ની જાગી જતાં બન્ને ઉપર લાંકડી વડે તસ્કરોએ હૂમલો કર્યો

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે રાત્રીના સમયે તસ્કરો ત્રાટકતાં બે મકાનને નિશાન બનાવી અંદર પ્રવેશ કરી દશ હજારથી પણ વધારે રકમની ચોરી કરી પલાયન થતાં પોલીસ ફરીયાદ થઈ.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના તાજપુર ગામમાં રાત્રીના સમયે આઠથી દસ જેટલા તસ્કરો અલગ અલગ મહેલ્લાઓમાં જઈ જેમાં હરીજન વાસમાં રહેતા સુભાષભાઈ મોહનભાઈ વણકરના ઘરમાં બારી તોડી અંદર પ્રવેશ કરી પેટી તથા ઘરમાં સામાન અસ્તવ્યસ્ત કરી તિજોરીના તાળા તોડી તિજોરીમાં મુકેલ ૧૦ હજારની રકમનો હાથફેરો કર્યો હતો. જ્યારે પટેલ મહેલ્લામાં રહેતા ચૌધરી મોતીભાઈ જેઠાભાઈના મકાનમાં બહારની ઝાળી તોડી ચાર જેટલા તસ્કરો અંદર પ્રવેશ કરી સામાન વેરવિખેર કર્યો હતો. જ્યારે કબાટ તોડતા બહાર આંગળામાં સુતા પતિ પત્ની જાગી જતાં તેમણી આજુબાજુ ઉભેલ અન્ય ચાર તસ્કરોએ લાકડી વડે હૂમલો કર્યો હતો જ્યારે વધુ બુમબરાડા થતાં મકાનમાં ગુસેલ તસ્કરો તથા મકાન બહાર ઉભેલ તસ્કરો ઉભી પૂછડીએ ભાગ્યા હતા. જ્યારે બુમબરાડા થતાં આખુ ગામ જાગી ગયું હતું. અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ફોન કરતાં રાત્રીના સમયે પોલીસ પણ તાજપુર ખાતે દોડી આવી હતી પણ પોલીસ આવે તે પહેલાં તસ્કરો ભાગી ગયા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ધાનેરા તાલુકાના ધામા ગામે પટેલનો મળેલ મૃતદેહ મોત કે મર્ડર, સેવાતી શંકા

ધાનેરા, તા. ૧૪

ધાનેરા તાલુકાના ધામા ગામની સીમમાંથી મળેલ વિરમાભાઈ ગોવાભાઈ પટેલ ઉં.વ.૪૨ની મૃતકનો મૃતદેહ મળી આવ્યો છે.

જાણવા મળેલ છે કે ધામા ગામે રહેતા વિરમાભાઈ ગોવાભાઈ પટેલ પોતે બપોરે કપડાનું બીલ માટે બજાર ગયેલ જે સાંજે પરત આવેલ હતા ત્યાર બાદ તેઓનો મૃતદેહ સાંજના સમયે ગામની સીમાડામાં પડેલ હોઈ ગામના લોકો દ્વારા જાણ થયેલ જે સ્થળે સગાઓ જઈને મૃતદેહને ધાનેરા રેફરલ હોસ્પિટલમાં પી.એમ. માટે લાવેલ અને પોલીસને પણ જાણ કરેલ. જે પોલીસે પણ પંચનામુ કરી મૃતદેહના કાગળો કર્યા હતા.



મૃતક વિરમાભાઈ પટેલના નાકમાંથી લોહી તેમજ ડાબી આંખ તથા પેટની ડુટી પર લોહિ આવ્યાનું નિશાન જોવા મળેલ હતુ. તેમના સગાઓને પુછતા ગામમાં કોઈની સાથે આડા વ્યવહાર પણ નથી જેથી સંકાસ્પદ વિષય બન્યો છે. હવે પી.એમ. પછી ખબર પડે હકીકત શુ છે. પરંતુ અત્યારે મોત કે મર્ડર જેવી શંકા સેવાઈ રહી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં ઓપરેશન દરમ્યાન દર્દીનું મોત નીપજતાં તબીબની બેદરકારી સામે ગંભીર સવાલો

## પરિવારજનોએ તબીબની બેદરકારી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા : પોલીસે આ મામલે પરિવારજનોની ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી

પાલનપુર, તા. ૧૪

હોસ્પિટલમાં રૂદન કરી રહેલ આ પરિવારજનોનો આક્ષેપ છે કે તબીબની બેદરકારીના લીધે તેમણે પોતાનું સ્વજન ગુમાવ્યું છે. પાલનપુરની અપર્ણા સોસાયટીમાં રહેતાં ૫૫ વર્ષીય રાજશ્રીબેન ભીખુસિંહ વાઘેલાને પથરીનો દુખાવો ઉપડતાં તેમને ગઈકાલે સાંજે પાલનપુરના ડૉ. પંકજ સત્યપાલના ત્યાં દાખલ કરાયા હતા. જ્યાં તબીબે પીત્તાશયમાં પથરી હોવાથી ઓપરેશન કરવું પડશે, અડધો કલાકમાં ઓપરેશનમાં થઈ જશે તેમ જણાવતાં દર્દી રાજશ્રીબેનને ઓપરેશન થીયેટરમાં લેવાયા, પરંતુ અડધો કલાકના બદલે ચાર કલાક સુધી ઓપરેશન ચાલ્યુ. તબીબે પરિવારજનોને ઓપરેશન અંગે કોઈ જ વિગત ના આપી. ત્યારબાદ છેલ્લે દર્દીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનું જણાવતાં દર્દીના પરિવારજનોએ ભારે આક્રોશ સાથે તબીબની બેદરકારીના લીધે દર્દીનું મોત નીપજ્યુંના ગંભીર આક્ષેપો પરિવારજનોએ કર્યા છે.

ડૉ. પંકજ સત્યપાલના ત્યાં ઓપરેશન દરમ્યાન મહિલા દર્દી રાજશ્રીબેનનું મોત નીપજતાં પરિવારજનોએ પોલીસ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે તબીબે મોત માટે હાર્ટની બીમારીથી મોતનું કારણ જણાવ્યું છે. પરંતુ તબીબે હાર્ટની તકલીફના કોઈ જ રીપોર્ટ કરાવ્યા નહોતા, તેમજ પીતાશયમાં પથરી હોવાના અડધો કલાકના ઓપરેશનમાં તબીબે ચાર ચાર કલાક સુધી ઓપરેશન અંગે અમને કોઈ માહિતી દર્દીના સગાઓને ના આપી જેના લીધે અમારા દર્દીનું મોત નીપજ્યું હતુ. તબીબની બેદરકારીના આવા ગંભીર આક્ષેપોની ફરિયાદ પાલનપુર શહેરપૂર્વ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે મૃતક મહિલા દર્દીના વિશેરા તેમજ પેનલ પી.એમ. કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પલ્લાચર ગામની મહિલા ઝેરી દવા પી જતા સારવાર હેઠળ

પ્રાંતિજ,તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે રહેતી મહિલા અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તેને વધુ સારવાર હેઠળ હિંમતનગર ખાતે ખસેડવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે રહેતા પુનમબેન પોપટભાઈ ચૌહાણ ઉં.વ. ૨૦ કે જેવો કોઈ કારણોસર આજે સવારે તેમના ઘરે ઝેરી દવા પી જતા તેમણે પહેલાં પ્રાંતિજ ખાતે આવેલ પી.એસ.સી. ઉપર લાવવામાં આવ્યા હતા. જ્યાંથી તેમણે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આ અંગેની પ્રાંતિજ પોલીસને પી.એચ.સી.માં સ્થળ ઉપર હાજર ડૉ. જે.કે. પ્રણામીએ પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં કાળઝાળ ગરમીમાં નિ:શુલ્ક પાણીની પરબ ખુલ્લી મુકાઈ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૧૫

'જળ એ જ જીવન છે' અને આ જીવનને બચાવવા માટે પાણી ખુબ જ જરૂરી છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સેવાભાવી નાગરિકો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં પાણીની પરબો ખોલવામાં આવી છે.

આ વખતે સમગ્ર ગુજરાતમાં ગરમીનો પારો અરવલ્લી જિલ્લામાં મોખરે રહ્યો હતો. જેમાં ગરમીનો પારો ૪૪ થી ૪૫ ડીગ્રીએ પહોંચી ચુક્યો છે અને તેમાયે વળી ઉનાળાની લગ્નની સીઝન તેના અંતિમ ચરણમાં પહોંચી ચુકી છે. અને કાળ-ઝાળ ગરમીમાં મોડાસા પંથકમાં તથા અરવલ્લી જિલ્લાના હજારો લોકો મોડાસામાં ખરીદી માટે આવે છે ત્યારે સામાન્ય રીતે દુકાનોમાં પાણીના પાઉચ લેવા તે પણ આ માનવતાના દુશ્મનોએ ગરમીના સીઝનમાં પણ પાણીના પાઉચનો ભાવ બે રૂપિયા કરી દીધો છે. તો તેવામાં મોડાસાની આજુબાજુની સંસ્થાઓ જેવીકે શ્રી રામ સુંદરકાંડ પરિવાર, ચાર રસ્તા પર બેસતા લારી-ગલ્લાવાળાઓ અને બજારોમાં તથા મહોલ્લામાં ગરમીમાં લોકોની વારે આવીને પાણીની પરબો ખોલી એક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. 'જલ સેવા એજ પ્રભુ સેવા' અને એમાં એ વળી હવે સોસાયટી વિસ્તારમાં પણ પાણીની પરબો શરૂ કરાઈ છે. ત્યારે આવા લોકોને મીડિયા પરિવાર તરફથી લાખ-લાખ વંદન છે.

લોકો પાણીના પાઉચના બે રૂપિયા ખર્ચ કરતા એ પાણી શુદ્ધ મળતુ નથી ત્યારે આવી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા વિના મુલ્યે ઠંડુ શીતળ જલ કાળ-ઝાળ ગરમીમાં પીવડાવી એક માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ છે એટલે જ કહેવાય છે કે હજુ ધરતી પર માનવતા મરી પરવારી નથી.

# મોડાસામાં ચણાના ભાવોમાં તેજી

મોડાસા, તા. ૧૫

ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં ચણાનું વાવેતર ગત વર્ષની સરખામણીમાં ઓછુ કરવામાં આવ્યું હતું. પરંતુ હાલ ચણાના ભાવોમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચણાના ભાવમાં ક્વિન્ટલે ૧૨૦૦ રૂપિયાનો વધારો મળતા ખેડૂતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ છે.

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે ચણાનું વાવેતર ઓછું કરવામાં આવ્યું હતું. વળી વારંવાર થયેલા કમોસમી માવઠાથી ખેડૂતોએ ચણાનો પાક લીધો હતો. તેમાં ભેજ લાગી જતા તેની ગુણવત્તામાં ફેરફાર જોવા મળ્યો હતો. સીજનની શરૂઆતમાં ચણાના ભાવો ૩૦૦૦ રૂપિયા ઉપરાંત ક્વિન્ટલે ખુલ્યા હતા. ત્યારે છેલ્લા એક માસના ગાળામાં તેજી આવી છે. ક્વિન્ટલે ૧૨૦૦ રૂપિયા ઉપરાંતની તેજી જોવા મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચણાના ઓછા ઉત્પાદનના કારણે તેમજ નિકાસમાં પણ તેજીનો માહોલ થતા ચણાના ભાવ ઉંચકાયા છે. જે આગામી દિવસોમાં પણ રૂપિયા ૫૦૦ વધવાની શક્યતાઓ જોવા મળી રહી છે. હાલમાં ચણાનો ક્વિન્ટલે ભાવ ૪૫૦૦ રૂપિયાનો મળી રહ્યો છે જે ખેડૂતો માટે સારો ગણી શકાય.

આ વર્ષે ઉપરા છાપરી કમોસમી વરસાદે ખેડૂતોની હાલત કફોડી બનાવી દીધી હતી. વળી વારંવાર ચણાના ભાવોમાં આવતા ઉતાર ચડાવથી ખેડૂતો સતત ચિંતાતુર રહેતા હતા પરંતુ છેલ્લા ૧ માસથી વધેલા ચણાના ભાવોથી ખેડૂતો ગેલમાં આવી ગયા છે. અને હજુ પણ ચણાના ભાવો વધે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.


પાલનપુર તાલુકાના જસલેની ગામમાં ઉપર આભ અને નીચે ધરતીના ખૂણે જીવનની મજા માણતું પરિવાર.. (તસવીર : હરેશ જોશી)

# ઉનાળાના તાપથી બચવા મોડાસાના યુવાનનું બાઈકમાં અનોખુ ઈનોવેશન

મોડાસા, તા. ૧૫

ગરમી દિવસે ને દિવસે તેનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે ત્યારે તેનાથી બચવા માટે અરવલ્લી જિલ્લાના મોડાસાના એક યુવકે પોતાની બાઈક પર અનોખી વ્યવસ્થા ઉભી કરી છે જેનાથી ગરમી સામે રક્ષણ મળે છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના એક યુવકે ઉનાળાની કાળ ઝાળ ગરમીથી બચવા માટે પોતાની બાઈક ઉપર અલાઈદી વ્યવસ્થા ઉભી કરી છે. આ બાઈક ઉપર છત લગાવવામાં આવી છે જેનાથી સૂર્યના સીધા તાપથી રાહત થાય છે. તો વળી ગરમીથી બચવા માટે સ્ટેરીંગ ઉપર બે પંખા અને બીજા બે પંખા છત ઉપર લગાવ્યા છે. આ પંખા ચલાવવા માટે વધારાની બેટરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બાઈક જ્યારે મોડાસાના માર્ગો પરથી પાસર થાય છે ત્યારે લોકો બાઈકને જોવા માટે બે ઘડી ઉભા રહી જાય છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ બાઈકનું નિર્માણ કરવામાં લગભગ ૧૫૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. આ બાઈક શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણે ઋતુમાં ઉપયોગી છે. વધારામાં બાઈકની આગળના કાચ પર વાઈપર લગાવ્યુ છે જેથી વરસાદનું પાણી સરળતાથી દૂર થઈ જાય છે.

બાઈકમાં ઓડીઓ સાઉન્ડ સિસ્ટમ લાગવામાં આવી છે. જેથી બાઈક ચાલવાની સાથે સાથે સંગીતનો આનંદ પણ માણી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ બાઈક એક ટુ વિલ્હર કારથી કમ નથી.

કંઈક નવું અને કંઈક અનોખુ કરવાની ઈચ્છા સાથે જીવનાર સફીભાઈ અવારનવાર બાઈકમાં વિવિધ પ્રકારની સગવડો કેવી રીતે ઉભી કરવી તેના માટે સદાય પ્રયત્નશીલ રહે છે ત્યારે ઉનાળાની ગરમીમાં આ બાઈક, બાઈક રસિયાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય તેમ છે.

# ૨૨મીએ કુભેરા ખાતે પાણી પુરવઠા પ્રોજેકટનો ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાશે

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કુભેરા ગામે આગામી તા. ૨૨-૫-૨૦૧૫ના રોજ એસ.કે.-૨ તથા એસ.કે.-૩ પાણી પુરવઠા પ્રોજેકટના ખાત મુહુર્ત અંતર્ગત કાર્યક્રમ માન. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષપણા હેઠળ યોજનાર છે. આ કાર્યક્રમની તૈયારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પુરજોશમાં હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમ માટે સુચારું આયોજન ઘડી કાઢવા માટે આજે મોડાસા ખાતે જિલ્લા કલેકટર એસ. છાકછુઆકની અધ્યક્ષતામાં જિલ્લા અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

ઉપસ્થિત અધિકારીઓને સૂચના આપતા કલેકટરએ જણાવ્યું હતું કે જિલ્લામાંથી આવતા પ્રજાજનો, ખેડૂત ભાઈ-બહેનોને કોઈ અગવડ ના પડે એને તેની સુવિધાઓ જળવાઈ રહે તે માટે પુરતી કાળજી લેવા સુચનાઓ આપી હતી. વધુમાં મંત્રીઓ, સાંસદ સભ્યો, ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ અને વરિષ્ઠ અધિકારીઓ માટેની ઉપસ્થિતિ વ્યવસ્થા જળવાઈ રહે તે જોવાની પણ જરુરી સુચનાઓ આપી હતી.

# અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજે જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકની અધ્યક્ષતામાં મોડાસા વિસ્તારના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

બેઠકમાં ધારાસભ્ય દ્વારા રેલવે, નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા પ્લોટો, નેટહાઉસ, ગ્રીનહાઉસની સ્થિતિની વિગતો, બ્રીજના કામ, એપ્રોચ રોડના કામો, સિંચાઈ, ખેડૂત ખાતેદારોને પ્રમાણપત્રો, વિદ્યાર્થીઓને એસ.ટી. રૂટની વ્યવસ્થા, આયોજન જેવા દસ જેટલા પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જેનો સંબંધિત અધિકારીઓને તાકીદે નિકાલ કરવા જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી તેમજ ગાજણ ટોલનાકા સંદર્ભે રજુ થયેલ પ્રશ્નો અંગે સંબંધિત એજન્સીને જરૂરી સુચનાઓ આપી પુરતો સ્ટાફ તથા ઈમરજન્સી વે ખુલ્લો રાખવા તાકીદ કરવામાં આવી હતી. પેન્શન કેસો, બાકી વસુલાત, લોકોની પડતર અરજીઓ, સાંસદ, ધારાસભ્યશ્રીઓના પ્રશ્નનો વિગેરેની દરેક વિભાગવાર ચર્ચાઓ કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ, અધિક કલેક્ટર મનોજ ગજરે, પ્રાયોજના વહીવટદાર ઠાકુર તથા અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ ખાતે રશિયન એજ્યુકેશન ફેરને મળેલો અદ્ભૂત પ્રતિસાદ

તાજેતરમાં અમદાવાદ ખાતે રશિયામાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રશિયન એજ્યુકેશન દ્વારા કુલ ૧૧ જેટલી યુનિવર્સિટીઓને ઉપસ્થિત કરવામાં આવી હતી. ૧૧ જેટલી સરકારી, તબીબી અને એન્જીનીયરીંગ યુનિવર્સિટીઓનો સમાવેશ થયો હતો.

રશિયન એજ્યુકેશન દ્વારા ફેરનું આયોજન દિલ્હી, કોલકત્તા, મુંબઈ સ્થિત રશિયન સેન્ટર ખાતે સાયન્સ અને કલ્ચર તથા રૂશ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ ભારતમાં રશિયા સ્થિત વિવિધ અભ્યાસ શાખાઓને પ્રોત્સાહન આપવાનો છે. આયોજનની મુખ્ય જવાબદારી રશીયન કલ્ચર ફેડરેશન દ્વારા ઉઠાવવામાં આવી છે.

રશિયન એજ્યુકેશન ફેર ૨૦૧૫ના મુખ્ય મુદ્દા ● રશિયામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે વિસ્તૃત માહિતી આપવી ● આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ તથા શિક્ષકો સાથે સીધો વાર્તાલાપ ● વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તથા તત્કાલ પ્રવેશ આપવાની જોગવાઈ પુરી પાડવી. ● રૂશ એજ્યુકેશ અને રશિયન સેન્ટર ફોર સાયન્સ અને કલ્ચરના સંયુક્ત ઉપક્રમે કાર્ય કરવુ. ● નિઃશુલ્ક પ્રવેશ રશિયન ફેડરેશન ત્યાની સરકાર દ્વારા નાણાંકીય સહાય મળતી હોવાથી રશિયામાં ઉચ્ચ અભ્યાસ ખૂબજ સસ્તો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦